US ઓપન : જોકોવિચ પહેલા રાઉન્ડમાં જ આઉટ

યુએસ ઓપનમાં પહેલીવાર જ્યારે ગ્રાન્ડસ્લેમમાં 20 વર્ષ પછી જોકોવિચ પહેલા રાઉન્ડમાં હાર્યો

નવારો સામેની મેચ જોકોવિચની કેરિયરમાં ગ્રાન્ડસ્લેમ ટૂર્નામેન્ટમાં પહેલા રાઉન્ડની સૌથી લાંબી મેચ બની

મેચ દરમિયાન જોકોવિચ સતત પરેશાન રહ્યો, તેને ઉલટી થઇ અને પગમાં દુખાવાની સમસ્યા પણ રહી



ન્યુ યોર્ક, તા. 31 (એપી) : યુએસ ઓપન ટેનિસ ટૂર્નામેન્ટના પહેલા જ દિવસે અનુભવી ખેલાડી અને વિક્રમી 24 વખતના ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયન નોવાક જોકોવિચ પહેલા રાઉન્ડમાં જ હારતા એક મોટો અપસેટ સર્જાયો હતો. જોકોવિચ તેની કેરિયરમાં પહેલીવાર યુએસ ઓપનના જ્યારે ગ્રાન્ડસ્લેમ ટૂર્નામેન્ટમાં 20 વર્ષ પછી પહેલા રાઉન્ડમાં જ બહાર થયો હતો.

રવિવારે ચાર કલાક અને 36 મિનિટ ચાલેલા પાંચ સેટના મેરેથોન મુકાબલામાં જોકોવિચ આર્જેન્ટિનાના મારિયાનો નેવોન સામે 7-6, 5-7, 4-6, 6-2, 6-1થી હાર્યો હતો. આ તેની કારકિર્દીમાં ગ્રાન્ડ સ્લેમ ટુર્નામેન્ટનો સૌથી લાંબો પ્રથમ રાઉન્ડનો મુકાબલો હતો. આ સાથે જ નેવોન યુએસ ઓપનના પહેલા રાઉન્ડમાં જોકોવિચને હરાવનારો વિશ્વનો પહેલો ખેલાડી બન્યો હતો. જોકોવિચનો અગાઉ યુએસ ઓપનના પહેલા રાઉન્ડમાં 19-0નો રેકોર્ડ હતો અને 2006ના ઓસ્ટ્રેલિયન ઓપન પછી તે ગ્રાન્ડ સ્લેમ ટુર્નામેન્ટમાં પોતાની પહેલી મેચ કદી હાર્યો નથી. યુએસ ઓપનમાં ડેબ્યૂ કર્યાના બરાબર 21 વર્ષ પછી, આ હારથી હવે પ્રશ્નો ઉભા થયા છે કે શું કોઇ ગ્રાન્ડસ્લેમની આ જોકોવિચની આ છેલ્લી મેચ હતી.

ચોથા ક્રમાંકિત અને ચાર વખતનો ચેમ્પિયન 39 વર્ષીય જોકોવિચ ફ્લશિંગ મીડોઝ ખાતે ખૂબ જ પરેશાન જણાયો હતો. મેચ દરમિયાન તેને ઉલટી થઈ અને પગમાં દુખાવો થયો, તેણે 70 અનફોર્સ્ડ એરર માર્યા હતા.

જોકોવિચની પત્ની જેલેના પણ સ્ટેડિયમમાં હાજર હતી અને તે પણ ખૂબ જ પરેશાન જણાતી હતી. જોકોવિચે કહ્યું હતું કે આજે હું આરામદાયક નહોતો. હું મારી જાતને માણી રહ્યો ન હતો. મેચની ચોથી ગેમ પછી હું સંઘર્ષ કરી રહ્યો હતો. કમનસીબે, આ વર્ષે મારી સાથે આ બધું થઈ રહ્યું છે. મને કોર્ટ પર ઉલટી થઈ રહી છે. તે એક ગંભીર સમસ્યા બની ગઈ છે.

યુએસ ઓપનમાં હારતા જોકોવિચ આઠ વર્ષમાં પહેલીવાર ટોપ ટેનમાંથી બહાર થશે

યુએસ ઓપનમાં મારિયાનો નાવોન સામેના પ્રથમ રાઉન્ડમાં જ પરાજય બાદ નોવાક જોકોવિચને વધુ એક મોટો ફટકો પડ્યો છે, જેમાં સર્બિયન ખેલાડી આઠ વર્ષમાં પહેલી વાર એટીપી ટોપ 10માંથી બહાર થઈ જશે. આ હારથી એક અસાધારણ યુગનો પણ અંત આવશે. જોકોવિચ 2018થી એટીપી ટોપ 10 માં રહ્યો છે, પરંતુ તેની તાજેતરની હારનો અર્થ એ છે કે તે 14 સપ્ટેમ્બરે પ્રકાશિત થનારી રેન્કિંગમાં એલીટ ગ્રુપની બહાર નીચે જશે. આનાથી પુરુષોના ટોપ 10માં લગભગ 24 વર્ષમાં પહેલી વાર દિગ્ગજ બિગ થ્રી જોકોવિચ, રોજર ફેડરર અથવા રાફેલ નડાલમાંથી કોઈ સભ્યનો સમાવેશ થશે નહીં.

પેગુલા, કોસ્ટયુક અને કેનિન જીતી, કેસિકોવા અપસેટનો શિકાર

મહિલા સિંગલ્સમાં સ્વિતોલિના, પાઓલિની અને લૈલા ફર્નાન્ડીઝની આગેકૂચ વિનસ પણ પહેલા રાઉન્ડમાં હારી

પુરુષ સિંગલ્સમાં મેદવેદેવ, ટોમી પોલ, બુબલિકની આગેકૂચ મારિન સિલિક અને કેસ્પર રુડ ઇજાને કારણે ખસ્યા

ન્યુ યોર્ક, તા. 31 : યુએસ ઓપન ટેનિસ ટૂર્નામેન્ટમાં પહેલા દિવસે શરૂઆતમાં મહિલા સિંગલ્સમાં ત્રીજી ક્રમાંકિત જેસિકા પેગુલા અને 11મી ક્રમાંકિત માર્ટા કોસ્ટ્યુકે પ્રથમ મેચ જીતીને બીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો. જ્યારે ગયા વર્ષે જુલાઈથી ચાલુ થયેલો વિનસ વિલિયમ્સનો પ્રથમ રાઉન્ડમાં હારનો સિલસિલો જળવાઇ રહ્યો હતો, તે સોફિયા કેનિન સામે હારીને બહાર થઇ હતી. પુરુષ સિંગલ્સમાં ડેનિલ મેદવેદેવે પણ પહેલો રાઉન્ડ સરળતાથી જીત્યો હતો. મહિલા સિંગલ્સમાં બે વખતની ગ્રાન્ડ સ્લેમ સિંગલ્સ ચેમ્પિયન અને 27મી ક્રમાંકિત બાર્બોરા ક્રેજસિકોવા કમિલા રાખીમોવા સામે 7-6, 6-2થી હારતા પહેલા રાઉન્ડમાં અપસેટ જોવા મળ્યો હતો.

મહિલા સિંગલ્સમાં પેગુલાએ એલેના ગેબ્રિએલા રુસેને 6-3, 6-2 થી હરાવી હકી. સિઝનમાં સૌથી વધુ 46 મેચ જીતનાર પેગુલાનો આગામી મુકાબલો વાઈલ્ડકાર્ડ સોફિયા કેનિન સામે થશે. કેનિને મધ્યરાત્રિ 46 વર્ષીય વિલિયમ્સને 6-2, 7-6થી હરાવી હતી. કોસ્ટ્યુકે સ્ટોર્મ હન્ટરને 6-4, 6-1 થી હરાવીને વર્ષના અંતિમ ગ્રાન્ડ સ્લેમ ટુર્નામેન્ટમાં મજબૂત શરૂઆત કરી હતી. મહિલા વર્ગમાં જીત મેળવનાર અન્ય ખેલાડીઓમાં નવમી ક્રમાંકિત એલિના સ્વિટોલીના, ૧૯મી ક્રમાંકિત જાસ્મીન પાઓલિની અને ૩૧મી ક્રમાંકિત લૈલા ફર્નાન્ડીઝનો સમાવેશ થાય છે.

પુરુષોની સિંગલ્સમાં, 2021 ના ચેમ્પિયન અને સાતમા ક્રમાંકિત ડેનિલ મેદવેદેવે હ્યુગો ગેસ્ટનને 6-4, 6-2, 6-4 થી હરાવ્યો. અમેરિકાના 20મા ક્રમાંકિત ટોમી પોલે કોલમેન વોંગ સામે પ્રથમ સેટ ટાઈબ્રેકમાં હાર્યા બાદ શાનદાર વાપસી કરીને 6-7, 6-1, 6-3, 6-3થી જીત મેળવી. મેન્સ સિંગલ્સમાં, ૧૫મા ક્રમાંકિત એલેક્ઝાન્ડર બુબલિકે જેજે વુલ્ફને હરાવ્યો હતો જ્યારે ૨૦૧૪ના ચેમ્પિયન મારિન સિલિક અને ૨૦૨૨ના રનર-અપ કેસ્પર રુડ બંને ઈજાને કારણે ટુર્નામેન્ટમાંથી ખસી ગયા હતા.

અંકુરે પહેલું WTT ટાઇટલ અને ડબલ્સમાં ગોલ્ડ જીત્યો

નવી દિલ્હી, તા. 31 : ભારતીય ટેબલ ટેનિસ ખેલાડી અંકુર ભટ્ટાચાર્યએ ચેક રિપબ્લિકમાં WTT ફીડર ઓલોમોક ટુર્નામેન્ટમાં પોતાનો પહેલો WTT મેન્સ સિંગલ્સ ટાઇટલ જીતવાની સાથે આકાશ પાલ સાથે ડબલ્સ કેટેગરીમાં ગોલ્ડ મેડલ જીતીને બેવડી સફળતા મેળવી હતી. વિશ્વમાં 78મા ક્રમાંકિત અંકુરે સિંગલ્સ ફાઇનલમાં સ્લોવેનિયાના ત્રીજા ક્રમાંકિત દાની કોજુલને 3-1 (9-11, 11-4, 11-5, 11-6) થી હરાવ્યો હતો. અગાઉ, તેણે આકાશ સાથે મળીને પુરુષોની ડબલ્સની ફાઇનલમાં હંગેરીના કસાબા આન્દ્રાસ સાન્તોસી અને પોલેન્ડના એલન કુઝીકી ઝાલેવસ્કીને 3-1 (11-8, 4-11, 13-11, 11-9) થી હરાવ્યા હતા.

લિયોનેલ મેસીની ઈન્ટરનેશનલ ફૂટબોલમાંથી નિવૃત્તિની જાહેરાત

20 વર્ષ સુધી આર્જેન્ટીનાનું પ્રતિનિધિત્વ કરનારા મેસીએ ઇન્સ્ટાગ્રામ પોસ્ટ લખી રાષ્ટ્રીય ટીમ સાથેની પોતાની કેરિયરનો અંત આણ્યો



બ્યુનોસ આયર્સ તા. 31 (એપી) : વિશ્વના મહાનતમ ફૂટબોલ ખેલાડીઓમાંથી એક એવા લિયોનેલ મેસીએ 39 વર્ષની ઉંમરે આર્જેન્ટિનાની નેશનલ ટીમ માટે પોતાની કેરિયરનો અંત આણ્યો છે. લગભગ બે દાયકા સુધી દેશનું પ્રતિનિધિત્વ કર્યા બાદ તેણે ઇન્ટરનેશનલ ફૂટબોલમાંથી નિવૃત્તિ લેવાનો નિર્ણય કર્યો છે.

મેસીએ પોતાના શાનદાર કરિયરમાં કુલ છ વર્લ્ડકપ રમ્યા છે. તેણે 2022માં કતાર ખાતે યોજાયેલા ફિફા વર્લ્ડકપમાં આર્જેન્ટિનાને વિશ્વ વિજેતા બનાવીને ઈતિહાસ રચ્યો હતો. આ ઉપરાંત, તેણે 2026ના વર્લ્ડકપમાં પણ ટીમનું સફળ નેતૃત્વ કરીને ફાઈનલ સુધી પહોંચાડી હતી, જ્યાં આર્જેન્ટિનાનો સ્પેન સામે પરાજય થયો હતો.

પોતાની નિવૃત્તિ અંગે ભાવુક સંદેશ આપતા મેસીએ પોતાના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર લખ્યું કે આ એક એવો નિર્ણય હતો જેણે મને ખૂબ દુઃખ પહોંચાડ્યું છે અને હજુ પણ ઊંડે સુધી પહોંચાડે છે, પરંતુ હું સમજુ છું કે હવે યોગ્ય સમય આવી ગયો છે. તેણે આર્જેન્ટિનાના ફેન્સનો આભાર માનતા આગળ ઉમેર્યું કે હું તમને વચન આપું છું કે મેં હંમેશા મારું શ્રેષ્ઠ પ્રદર્શન આપ્યું છે, માત્ર છેલ્લા કેટલાક વર્ષોમાં જ નહીં જ્યારે આપણે બધું જીત્યા, પરંતુ તે પહેલાં પણ. મેં હંમેશા આ જર્સી માટે મેદાન પર મારી પૂરી તાકાત લગાવી છે, જેથી તમને ખુશી આપી શકું અને ફૂટબોલ દ્વારા આર્જેન્ટિનિયન હોવા પર ગર્વ અનુભવાવી શકું.

મેસ્સીએ કહ્યું કે તેણે વર્લ્ડકપ ફાઈનલના બે દિવસ પછી 21 જુલાઈના રોજ પોતાનું નિવૃત્તિ નિવેદન લખ્યું હતું, અને ગયા મહિને તેના પિતા જોર્જના અવસાનથી પુષ્ટિ મળી હતી કે તેને પ્રસિદ્ધ કરીને તેની ઈન્ટરનેશનલ કારકિર્દીનો અંત લાવવાનો આ યોગ્ય સમય હતો.

મેસીની ઇન્ટરનેશનલ કેરિયરની મુખ્ય સિદ્ધિઓ

- કતાર 2022 ફિફા વર્લ્ડકપમાં આર્જેન્ટિનાને 36 વર્ષ બાદ વિશ્વ ચેમ્પિયન બનાવ્યું.
- આર્જેન્ટિના માટે 2021 અને 2024માં કોપા અમેરિકાનો ખિતાબ જીત્યો.
- 2008ની બેઇજિંગ ઓલિમ્પિક્સમાં આર્જેન્ટિના માટે ગોલ્ડ મેડલ જીત્યો.
- આર્જેન્ટિના તરફથી ઇન્ટરનેશનલ ફૂટબોલમાં સૌથી વધુ 125 ગોલ
- ફિફા વર્લ્ડકપમાં 2014 અને 2022 એમ બે વાર ગોલ્ડન બોલનો વિજેતા
- ફૂટબોલમાં ઇતિહાસમાં સર્વાધિક આઠ વાર બેલોન ડી'ઓરનો વિજેતા
- સર્વાધિક છ ફિફા વર્લ્ડકપ રમવાની રોનાલ્ડો સાથે સંયુક્ત સિદ્ધિ

પાકિસ્તાન રિઝવાન, ઈમામને ઈંગ્લેન્ડથી ઘરે પરત મોકલાવે તેવી સંભાવના

બીજી ટેસ્ટમાં હાર બાદ પીસીબીના અધિકારીઓની ઉચ્ચસ્તરીય બેઠકમાં નિર્ણય લેવાયાના અહેવાલ

મર્યાદિત ઓવરના કોચ માઇક હેસન ઈંગ્લેન્ડમાં બાકી પ્રવાસ માટે ટીમ સાથે રહેશે : પીસીબી સૂત્રો

કરાચી, તા. 31 (પીટીઆઈ) : ઈંગ્લેન્ડ પ્રવાસમાં સતત બે ટેસ્ટ મેચમાં કારમી હારનો સામનો કરનાર પાકિસ્તાન હવે પ્રવાસની વચ્ચેથી વિકેટકીપર-બેટ્સમેન મોહમ્મદ રિઝવાન અને ઓપનર ઈમામ-ઉલ-હકને પાછા બોલાવી શકે છે. હાલમાં વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ પોઈન્ટ ટેબલમાં સૌથી નીચે રહેલા પાકિસ્તાનને લીડ્સ ખાતેની પહેલી ટેસ્ટમાં ઈંગ્લેન્ડ સામે ઇનિંગ્સ અને ૧૦૩ રનથી હારનો સામનો કરવો પડ્યો હતો. ત્યારબાદ ઈંગ્લેન્ડે લોર્ડ્સ ખાતેની બીજી ટેસ્ટમાં પાકિસ્તાનને ૧૯૪ રનથી હરાવ્યું હતું. જીઓ ન્યૂઝના અહેવાલ મુજબ, રિઝવાન અને ઈમામને પાછા બોલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ઈંગ્લેન્ડ પ્રવાસમાં હાજર પાકિસ્તાની મીડિયાએ બીજી ટેસ્ટમાં હાર બાદ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)ના અધિકારીઓની ઉચ્ચ સ્તરીય બેઠકનો પણ અહેવાલ આપ્યો છે. આ બેઠકમાં પીસીબીના ચેરમેન મોહસીન નકવી, ચીફ ઓપરેટિંગ ઓફિસર (સીઓઓ) સુમૈર અહેમદ, પાકિસ્તાન સુપર લીગ (પીએસએલ) ના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર સલમાન નસીર, માજી ક્રિકેટર અને સિનિયર પસંદગીકાર આકિબ જાવેદ અને મર્યાદિત ઓવરની ક્રિકેટ ટીમના મુખ્ય કોચ માઈક હેસન હાજર રહ્યા હતા.

પીસીબીના એક વિશ્વસનીય સૂત્રએ જણાવ્યું હતું કે પાકિસ્તાન સરકારના મંત્રી મોહસીન નકવીને ઈંગ્લેન્ડમાં પાકિસ્તાન ટીમના નિરાશાજનક પ્રદર્શન પર તેમના ઉપરના અધિકારીઓના ગુસ્સા અને નિરાશા વિશે જાણ કરવામાં આવી છે. બીજી ટેસ્ટ દરમિયાન સ્કાય સ્પોર્ટ્સ પર ઈમરાન ખાનના પુત્રો સાથેના ઈન્ટરવ્યુના પ્રસારણ અંગે પણ ટોચના સ્તરે નારાજગી છે. પરંતુ સૌથી મોટી ચિંતા મીડિયામાં પાકિસ્તાન ટીમની છબી અને મેદાન પર તેના પ્રદર્શનની છે. સૂત્રએ દાવો કર્યો હતો કે મોહમ્મદ રિઝવાન અને ઈમામ ઉલ હક બંને ઘરે પરત ફરી રહ્યા છે. તેમણે કહ્યું કે પાકિસ્તાન માટે બે ટેસ્ટ મેચ રમી ચૂકેલા 23 વર્ષીય અબ્દુલ્લા ફઝલને ઈંગ્લેન્ડ મોકલવાનું લગભગ નક્કી છે. બેઠકમાં ટેસ્ટ ટીમની જવાબદારી માઈક હેસનને સોંપવાના મુદ્દા પર પણ ચર્ચા થઈ હતી, જે હવે ઈંગ્લેન્ડ પ્રવાસના બાકીના સમય માટે પાકિસ્તાન ટીમ સાથે રહેશે. ટેસ્ટ ટીમ સાથે હેસનની હાજરીએ પાકિસ્તાનના મુખ્ય કોચ સરફરાઝ અહેમદના ભવિષ્ય પર મોટો પ્રશ્નાર્થ ચિહ્ન મૂક્યો છે.

ઈમામ સામે કડક શિસ્તભંગના પગલાં લેવાય તેવી શક્યતા

લાહોર, તા. 31 : ઈંગ્લેન્ડ સામે લોર્ડ્સ ખાતે રમાયેલી બીજી ટેસ્ટના બંને દાવમાં પાકિસ્તાની ઓપનર ઈમામ-ઉલ-હક ડાબા પગના સ્નાયુની ઈજાના કારણે બેટિંગ કરવા આવી શક્યો નહોતો. આ ઈજા અંગે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)એ તપાસ કરવાનો નિર્ણય લીધો છે, જેથી ઈમામ સામે કડક શિસ્તભંગના પગલાં લેવાઈ શકે છે. ટેસ્ટના પહેલા દિવસે ફિલ્ડિંગ કરતી વખતે ઈમામને ઈજા થઈ હતી અને ત્યારબાદ તેણે મેચમાં આગળ ભાગ લીધો નહોતો. ટીમ મેનેજમેન્ટે તેની ઈજાની જાહેરાત કરી ત્યારથી જ તે ખોટી ઈજાનું નાટક કરી રહ્યો હોવાની અટકળો વહેતી થઈ છે. બોર્ડના એક નજીકના સૂત્રએ પુષ્ટિ કરી હતી કે, પીસીબી ચેરમેન મોહસિન નકવીએ આ સમગ્ર મામલાની તપાસ માટે એક યોગ્ય સમિતિ રચવા અને વહેલામાં વહેલી તકે તેનો અહેવાલ સોંપવા આદેશ આપ્યો છે.

ઇમામની ટીકા કરી સ્ટુઅર્ટ બ્રોડે પાકિસ્તાની ખેલાડીઓને નાટકબાજ ગણાવ્યા

લંડન, તા. 31 : પાકિસ્તાની ઓપનર ઇમામ-ઉલ-હકની ઇજા મામલે ઈંગ્લેન્ડના માજી ફાસ્ટ બોલર સ્ટુઅર્ટ બ્રોડે તેના પર કેમેરા અને દર્શકોની સામે નાટક કરવાનો આરોપ લગાવ્યો છે. ચોથા દિવસે જ્યારે ઇમામ-ઉલ-હક લોર્ડ્સમાં ડાબા પગના પંજા પર પાટો બાંધીને લંગડાતો અને બેટિંગ પ્રેક્ટિસ કરતો જોવા મળ્યો. તે પછી કોમેન્ટ્રી દરમિયાન, બ્રોડે તેની આકરી ટીકા કરતાં કહ્યું કે આ બધું દેખાડો છે. તેને મીડિયા અને કદાચ તેના સાથી ખેલાડીઓ તરફથી થોડી ટીકા મળી હશે, તેથી તે આ કરી રહ્યો છે. જો તે પ્રેક્ટિસ કરવા માંગતો હોત, તો તે ઇનડોર કરી શક્યો હોત. બધાની સામે હાફ પેન્ટ પહેરી પગ પર ટેપ બાંધીને લંગડાવાનો ડોળ કરવાની કોઈ જરૂર નહોતી.

દુલીપ ટ્રોફી : સૂર્યવંશીના 92 રન છતાં, ઈસ્ટ ઝોન સરસાઈ લેવામાં નિષ્ફળ

ઇસ્ટ ઝોન અને સેન્ટ્રલ ઝોન બંને ટીમનો પ્રથમ દાવનો સ્કોર 266 રન

વૈભવે દુલીપ ટ્રોફીમાં સૌથી નાની વયે અર્ધસદીનો 57 વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો



બેંગલુરુ, તા. 31 (પીટીઆઈ) : દુલીપ ટ્રોફી સેમિફાઇનલમાં આજે સોમવારે બીજા દિવસે યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશીએ આક્રમક 92 રનની ઈનિંગ રમવા છતાં ઈસ્ટ ઝોન સેન્ટ્રલ ઝોન પર પ્રથમ ઈનિંગની લીડ મેળવવામાં નિષ્ફળ રહ્યું હતું. ઈસ્ટ ઝોન 266 રને ઓલઆઉટ થયું તેમાં ડાબોડી સ્પિનર હર્ષ દુબે (66 રનમાં ચાર વિકેટ) અને ઝડપી બોલર યશ ઠાકુર (66 રનમાં ત્રણ વિકેટ) અને આર્યન પાંડે (43 રનમાં ત્રણ વિકેટ)એ તમામ 10 વિકેટો વહેંચી હતી. સેન્ટ્રલ ઝોને પણ તેની પ્રથમ ઈનિંગમાં 266 રન બનાવ્યા હોવાથી બંને ટીમોનો પ્રથમ ઈનિંગનો સ્કોર સમાન રહ્યો હતો. દિવસની રમતના અંત સુધીમાં, સેન્ટ્રલ ઝોને ત્રણ વિકેટે 45 રન બનાવી લીધા હતા. સ્ટમ્પ સમયે અમન મોખડે (23) અને આર્યન પાંડે (4) ક્રીઝ પર હતા.

રમતના અંત પહેલા, ફાસ્ટ બોલર મુકેશ કુમારે સેન્ટ્રલ ઝોનના કેપ્ટન રજત પાટીદારને આઉટ કરીને મોટો ફટકો માર્યો. પંદર વર્ષીય સૂર્યવંશી દુલીપ ટ્રોફીમાં અડધી સદી ફટકારનાર સૌથી નાની ઉંમરનો બેટ્સમેન પણ બન્યો, અને તેણે 1969માં 16 વર્ષની ઉંમરે આ સિદ્ધિ હાંસલ કરવાના લક્ષ્મણ સિંહના રેકોર્ડને તોડ્યો હતો.

તિલકની ઇનિંગથી સાઉથ ઝોનનું નોર્થ ઝોન પર પ્રભુત્વ

બેંગલુરુ, તા. 31 : કેપ્ટન તિલક વર્માની ધૈર્યસભર નોટઆઉટ 106 રનની ઇનિંગના જોરે સાઉથ ઝોને આજે સોમવારે અહીં દુલીપ ટ્રોફી સેમી ફાઇનલમાં નોર્થ ઝોન સામે પ્રથમ ઇનિંગમાં 90 રનની મહત્વપૂર્ણ સરસાઇ મેળવી હતી. તિલકને શ્રેયસ ગોપાલ (87 રન)એ સારો સાથ આપ્યો અને આ જોડીએ છઠ્ઠી વિકેટ માટે 175 રન ઉમેર્યા અને ટીમનો સ્કોર નવ વિકેટે 285 રન સુધી પહોંચાડ્યો. નોર્થ ઝોનની ટીમ પ્રથમ ઇનિંગમાં 195 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. તિલકની સંયમિત બેટિંગનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે તેણે પોતાની ઇનિંગના 154મા બોલ પર પોતાની પહેલી બાઉન્ડ્રી ફટકારી હતી. રમતના અંતે તે 225 બોલમાં સાત ચોગ્ગા સાથે 106 રન બનાવીને નોટઆઉટ રહ્યો હતો.

અનુસંધાન ... પાના પહેલાનું

પ્રથમ ક્વાર્ટરમાં ભારતનો...

રાખે છે, તે આ ત્રિમાસિક ગાળા માટે રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા(RBI)ના 7 ટકાના અનુમાન કરતાં પણ વધી ગઈ છે, જે વધતા જતા ભૂ-રાજકીય જોખમો છતાં ઘરઆંગણે આર્થિક પ્રવૃત્તિની મજબૂતી દર્શાવે છે. દેશની મધ્યસ્થ બેંકે સમગ્ર 2026-27 નાણાકીય વર્ષમાં અર્થતંત્ર 6.7 ટકાના દરે વિસ્તરવાનું અનુમાન લગાવ્યું છે. સોમવારે જાહેર કરાયેલા સરકારી આંકડા અનુસાર, પ્રથમ ત્રિમાસિક ગાળાની વૃદ્ધિ અગાઉના વર્ષના સમાન ત્રિમાસિક ગાળાના 6.9 ટકાના વિકાસ સાથે સરખાવવામાં આવે છે. ધારણા કરતાં વધુ મજબૂત ક્વાર્ટરલી કામગીરી સૂચવે છે કે ભારતની વૃદ્ધિની ગતિ અત્યાર સુધી ઈરાન સંઘર્ષ સહિતના બાહ્ય આંચકાઓ સામે ટકી રહી છે, જેણે ઉર્જાના ઊંચા ભાવ, ફુગાવાનું દબાણ અને નબળી વૈશ્વિક માંગ અંગે ચિંતા ઊભી કરી હતી.

મોદી અને ઈરાનના...

મંત્રાલયના જણાવ્યા મુજબ, પીએમ મોદીએ કહ્યું કે કોઈ પણ સંજોગોમાં નાગરિકો, દરિયાઈ ખલાસીઓ અને કોમર્શિયલ શિપિંગ જેવા નાગરિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નુકસાન પહોંચાડવું જોઈએ નહીં. આ ઉપરાંત, BRICS અને SCO જેવા વૈશ્વિક મંચો પર ઈરાન સાથે સહયોગ વધારવાની પ્રતિબદ્ધતા દર્શાવતાં વડા પ્રધાને પેઝેશ્કિયાનને આગામી બ્રિક્સ સમિટ માટે ભારત આવવાનું આમંત્રણ આપ્યું હતું. આ ઉપરાંત, વડા પ્રધાન મોદીએ આર્મેનિયાના વડા પ્રધાન નિકોલ પશિન્યાન સાથે પણ અલગથી બેઠક યોજી સંરક્ષણ, આઈટી, સ્પેસ, શિક્ષણ અને ફાર્માસ્યુટિકલ્સ જેવા ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગ મજબૂત કરવા પર ચર્ચા કરી હતી.

'અંતહીન યુદ્ધમાંથી...

મોદીએ ગયા વર્ષે પુતિનની ભારત મુલાકાતને સફળ અને યાદગાર ગણાવી હતી. તેમણે કહ્યું કે બંને દેશો વચ્ચેનો સહયોગ સતત નવી ઊંચાઈએ પહોંચી રહ્યો છે અને બંને દેશોના લોકોના કલ્યાણ માટે સાથે મળીને કામ થઈ રહ્યું છે. રાષ્ટ્રીય હિતને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવાનો બંને દેશોનો અભિગમ ભવિષ્યમાં પણ માર્ગદર્શક સિદ્ધાંત રહેશે, એમ મોદીએ કહ્યું હતું. પુતિને કહ્યું કે વિશેષ અને વિશેષાધિકૃત ભાગીદારીના આધારે રશિયા-ભારત સંબંધોમાં વધુ ગતિ આવી છે. આ મુલાકાત પુતિનની ભારતના વાર્ષિક BRICS સમિટમાં ભાગ લેવા માટેની પ્રસ્તાવિત યાત્રાના એક સપ્તાહ પહેલાં થઈ છે.

હોર્મુઝમાં ઇરાની...

દેશના હવાઈ ક્ષેત્રમાં પ્રવેશેલી આઠ મિસાઈલોને તેમણે હવામાં આંતરી લીધી હતી. આ હુમલો ટ્રમ્પ વહીવટીતંત્રે ઈરાન સાથેના તેના યુદ્ધનો અંત લાવવા માટે લશ્કરી કાર્યવાહીને બદલે આર્થિક દબાણ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરશે તેવું કહ્યાના દિવસો પછી જ આવ્યો છે. બદલાતી બ્યૂહરચના તે કોઈપણ દેશ અથવા સંસ્થાને સજા કરવાની ધમકીઓ પર કેન્દ્રિત છે જે તહરાન સાથે વેપાર કરવાનું ચાલુ રાખે છે. અમેરિકાએ છેલ્લો લશ્કરી હુમલો ૨૯ જુલાઈએ કર્યો હતો અને પહેલી ઓગસ્ટે ટ્રમ્પે હુમલાઓ અટકાવવા સેનાને સૂચના આપી હતી.

દિલ્હી SIR:...

આંકડાઓમાંથી એક છે. ચૂંટણી અધિકારીના જણાવ્યા મુજબ, દેશની રાજધાની હોવાથી દિલ્હીમાં અસ્થાયી અને સતત સ્થળાંતર કરતી વસતી વધુ છે, જે આટલી મોટી સંખ્યામાં નામો રદ થવાનું મુખ્ય કારણ હોઈ શકે છે. ડ્રાફ્ટ રોલમાં દિલ્હીની 70 વિધાનસભા બેઠકોના 97,53,577 નોંધાયેલા મતદારોના નામ છે, જ્યારે 47,56,722 મતદારો બાદ થયા છે.

NRCની માગને...

વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. મણિપુરના લોકોની લાગણીઓ અને આકાંક્ષાઓનો આદર કરીને વસ્તી ગણતરી સ્થગિત કરવા પર સંમતિ સાધવામાં આવી હતી. એનઆરસી લાગુ કરવાની માગ મુખ્યત્વે મૈતેઈ અને નાગા સમુદાયો દ્વારા કરવામાં આવી રહી છે. તેઓને આશંકા છે કે એનઆરસી વિનાની વસ્તી ગણતરીથી પાડોશી દેશ મ્યાનમારથી ગેરકાયદેસર ઘૂસણખોરો પ્રવેશ કરી શકે છે, જેનાથી રાજ્યના વસ્તી વિષયક માળખામાં મોટો ફેરફાર થઈ શકે છે. મુખ્યમંત્રી ખેમચંદ સિંહે રાજ્યના લોકોનો અવાજ સાંભળવા બદલ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહનો આભાર માન્યો હતો. તેમણે નવી દિલ્હીમાં એનઆરસી માટે ઝુંબેશ ચલાવનાર 14 નાગરિક સમાજ સંગઠનોના નેતાઓ અને ભાજપના ધારાસભ્યોના પ્રયાસોને પણ બિરદાવ્યા હતા. પૂર્વ મુખ્યમંત્રી એન. બિરેન સિંહે પણ સોશિયલ મીડિયા પર આ નિર્ણયને સ્થાનિક લોકોની મોટી જીત ગણાવી હતી.

સપ્ટેમ્બરમાં પણ...

સેલ્સિયસ રહ્યું હતું. હવામાન વિભાગે જણાવ્યું હતું કે સપ્ટેમ્બરમાં વરસાદ લાંબા ગાળાની સરેરાશ(LPA)ના ૯૧ ટકાથી ઓછો રહેવાની અપેક્ષા છે. LPA એટલે કે કોઈ ચોક્કસ પ્રદેશમાં ચોક્કસ સમયગાળા (જેમ કે એક મહિનો અથવા ઋતુ) માટે નોંધાયેલા વરસાદની લાંબા ગાળાની સરેરાશ, જે સામાન્ય રીતે ૩૦ થી ૫૦ વર્ષના ડેટા પર આધારિત હોય છે. ૧૯૭૧ અને ૨૦૨૦ વચ્ચેના ડેટાના આધારે સપ્ટેમ્બર માટે LPA લગભગ ૧૬૭.૯ મીમી છે. IMD એ વધુમાં જણાવ્યું હતું કે સપ્ટેમ્બર દરમિયાન માસિક સરેરાશ મહત્તમ તાપમાન સામાન્ય કરતાં વધુ રહેવાની શક્યતા છે. IMDના ડાયરેક્ટર જનરલ મૃત્યુંજય મોહપાત્રાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે હાલમાં વિષુવવૃત્તીય પ્રશાંત મહાસાગર પર મજબૂત 'અલ નિનો' સ્થિતિ પ્રવર્તી રહી છે, જેમાં મધ્ય અને પૂર્વ વિષુવવૃત્તીય પ્રશાંત મહાસાગરમાં સમુદ્રની સપાટીનું તાપમાન સામાન્ય કરતાં વધુ જળવાઈ રહ્યું છે. તેમણે કહ્યું, "આગામી મહિનાઓમાં આ સ્થિતિ વધુ મજબૂત થવાની ધારણા છે."

અલ-નીનોને કારણે...

તેમની વરસાદી પ્રવૃત્તિ મોટાભાગે ઇન્ડો-ગંગાના મેદાની વિસ્તારો સુધી જ સીમિત રહી હતી, જેના કારણે દેશના અન્ય ભાગોમાં વરસાદની અછત સર્જાઈ હતી.

દિલ્હી ડાયરી...

વિષય પર ફરી વાત કરી. તેમણે ડોનટ્સનું ઉદાહરણ આપતાં પૂછ્યું કે, માણસ કંટાળી જાય તે પહેલાં કેટલા ડોનટ્સ ખાઈ શકે? ભાગવતે કટાક્ષ સાથે ઉમેર્યું કે, ડાયાબિટીસ હોવાને કારણે તે